For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

તંત્ર પરનો કાબૂ ગુમાવ્યાની શહેરમાં ચર્ચા : મનપાના કર્મચારીઓમાં અધિકારીઓની સુરક્ષાને લઈને રોષ

મેયરનું કંઈ ન ઉપજ્યું: મનપામાં કોર્પોરેટર-અધિકારી વિવાદમાં મધ્યસ્થીનો કલાકો ચાલેલો દોર નિષ્ફળ

અધિકારીઓ પર હુમલા બાદ પણ બંને પક્ષો નમતું જોખવામાં નિષ્ફળ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકામાં ભાજપના કોર્પોરેટર અને પાલિકાના આસિસ્ટન્ટ એડિશનલ એન્જિનિયર વચ્ચે સર્જાયેલા મારામારીના કૌભાંડ બાદ વહીવટી તંત્રમાં સર્જાયેલી મડાગાંઠ ઉકેલવામાં પાલિકાના સર્વોચ્ચ પદ પર બેઠેલા મેયર સંપૂર્ણપણે નિષ્ફળ નિવડ્યા છે. મેયર કચેરી ખાતે કલાકો સુધી ચાલેલો મધ્યસ્થીનો દોર અને સમાધાનની બેઠકોનું કોઈ પરિણામ ન આવતાં મેયરનું 'કંઈ ઉપજ્યું નથી' તે વાત મનપાના વર્તુળોમાં ચર્ચાનો વિષય બની છે. સત્તાધીશોનો આંતરિક વિવાદ રોકવામાં મેયર લાચાર સાબિત થતાં આખરે અધિકારીઓએ પોલીસ મથકના દરવાજા ખટખટાવવાની નોબત આવી છે.

ખોડીયારનગર સ્થિત રામદેવનગર પાસે ગટરના કામ મુદ્દે વોર્ડ નંબર-૪ના ભાજપના કોર્પોરેટર મયુર ચોવટિયા અને વરસાદી ગટર વિભાગના AAE પ્રકાશ રોહિત વચ્ચે જાહેરમાં થયેલી માથાકૂટ અને મારામારી બાદ મામલો થાળે પાડવા માટે મેયર કચેરી ખાતે કવાયત હાથ ધરવામાં આવી હતી. ભાજપના મોભીઓ અને મેયર દ્વારા બંને પક્ષોને સામસામે બેસાડીને વિવાદ પર પડદો પાડવા કલાકો સુધી સમજાવટના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જોકે, મેયરની હાજરી હોવા છતાં બંનેમાંથી એક પણ પક્ષ નમતું જોખવા તૈયાર ન થયો અને મેયરની મધ્યસ્થીની તમામ અપીલો ધૂળધાણી થઈ ગઈ હતી.

આ નિષ્ફળ મધ્યસ્થીને કારણે મનપાના અધિ કારીઓ અને કર્મચારીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે. કર્મચારી સંગઠનોમાં એવો સૂર ઉઠ્યો છે કે જ્યારે ખુદ મેયર કચેરી અ ધિ કા રીઓની સુરક્ષા અને સન્માનની ખાતરી આપવામાં અસમર્થ રહી હોય, ત્યારે નીચલા સ્તરના કર્મચારીઓ પોતાની સુરક્ષા કોના ભરોસે રાખે? મેયરના જ ખોળામાં ખેલાયેલા આ ડ્રામામાં તંત્રની લાચારી છતી થતાં મ નપા કર્મચારીઓમાં અસંતોષની જ્વાળા વધુ ભભૂકી છે.

મેયર કચેરીનો વજનદારી પ્રભાવ અને શાસક પક્ષની પકડ સાવ પોકળ સાબિત થતાં મામલો આખરે બાપોદ પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. શહેરમાં ચર્ચા છે કે જો મેયર પોતાની જ પાર્ટીના કોર્પોરેટર અને પોતાની જ કચેરીના અધિકારી વચ્ચેનો વિવાદ શાંત ન પાડી શકતા હોય, તો શહેરના મોટા પ્રશ્નોમાં વહીવટી તંત્ર પર તેમનો કાબૂ કેવો હશે? આ સમગ્ર ઘટનાક્રમે મનપાના સત્તાધીશોની નબળી કામગીરી અને શાસકીય નિષ્ફળતાની ચાડી ખાધી છે.



મેયરના પદની ગરિમા સામે મોટો પ્રશ્નાર્થ

વડોદરા મનપાના ઇતિહાસમાં કદાચ પહેલીવાર એવું બન્યું છે કે મેયરની મધ્યસ્થી કચેરીના બંધ બારણે જ ધૂળધાણી થઈ ગઈ હોય. કોર્પોરેટર અને અધિકારી વચ્ચેના સત્તા-સંઘર્ષમાં મેયરનું કંઈ ન ચાલતાં એ સાબિત થઈ ગયું છે કે પાલિકા પર સત્તાધીશોની પકડ હવે સાવ ઢીલી પડી ગઈ છે. અધિકારીઓ સુરક્ષાના મુદ્દે રસ્તા પર ઉતરે અને શાસકો લાચાર બનીને તમાશો જુએ, તે પરિસ્થિતિ શહેરના સુશાસન માટે અત્યંત ક્ષોભજનક ચિત્ર ઊભું કરે છે.

રેસ્ટોરેન્ટ સંચાલક યુવાનની સોશિયલ મીડિયા પોસ્ટથી રાજકીય વર્તુળોમાં ચર્ચા

વોર્ડ ૮-૯ના કોર્પોરેટર દિવાળીના નામે ઉઘરાણા કરતા હોવાના આક્ષેપ

તથ્યોની તપાસ થશે કે પછી સોશિયલ મીડિયા પોસ્ટ હટી જશે? તે જોવું રહ્યું

શું યુવક પોતે ભોગ બન્યો છે કે નિકટના કોઈ સુધી લંબાયો હાથ? શહેરમાં ચર્ચાનો વિષય

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકાના રાજકારણમાં વોર્ડ નંબર 8 અને 9ના કોર્પોરેટર સામે ઉઘરાણાના ગંભીર આક્ષેપો થતાં રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે. શહેરના એક યુવાને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કોર્પોરેટરની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા છે. આ પોસ્ટ વાયરલ થતાં સ્થાનિક વેપારીઓ અને રાજકીય વર્તુળોમાં મામલો ચર્ચાનો વિષય બન્યો છે.



સોશિયલ મીડિયા પોસ્ટમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ભૂતકાળમાં રોડ, રસ્તા અને ગટર સહિતનાં નાગરિક સુવિધાનાં કામોમાં તોડપાણી કરવામાં આવ્યું હતું. હવે દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને વેપારીઓ અને લોકો પાસેથી ઉઘરાણા કરવામાં આવી રહ્યા હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. જોકે, આ આક્ષેપોની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી.

મળતી માહિતી મુજબ, આ પોસ્ટ કરનાર યુવાન શહેરના જાણીતા 'અક્ષર થાલી જંકશન' રેસ્ટોરેન્ટના સંચાલક હોવાનું જાણવા મળ્યું છે. એક વેપારી દ્વારા સીધા કોર્પોરેટર સામે આક્ષેપો કરવામાં આવતાં મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે.

હાલમાં વેપારી વર્ગમાં ચર્ચા થઈ રહી છે કે યુવાન પોતે કોઈ દબાણ કે ઉઘરાણાનો ભોગ બન્યો છે કે પછી અન્ય કોઈ વેપારી અથવા નજીકના વ્યક્તિ સાથે બનેલી ઘટનાને પગલે તેણે આ પોસ્ટ કરી છે. જોકે, આ અંગે કોઈ સ્પષ્ટતા સામે આવી નથી. તહેવારો દરમિયાન વેપારીઓ પાસેથી દબાણપૂર્વક નાણાં માગવાના આક્ષેપો ગંભીર ગણાય છે. ત્યારે સોશિયલ મીડિયા પર થયેલા આક્ષેપોની મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ દ્વારા તપાસ કરવામાં આવશે કે કેમ તે અંગે સૌની નજર છે. કોર્પોરેટરનો આ મામલે કોઈ ખુલાસો કે પ્રતિક્રિયા સામે આવી હોય તો તેની પણ રાહ જોવાઈ રહી છે.

રેટિંગ આપવાના નામે વેપારીને રૂ.૧.૦૭ કરોડનો ચૂનો લગાવ્યો

શરૂઆતમાં રૂ.૩૭ હજારનું વળતર ચૂકવી વિશ્વાસ જીત્યા બાદ ખેલ પાડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરામાં ઓનલાઈન પ્રોડક્ટને રેટિંગ આપીને ઘરબેઠાં કમાણી કરવાની લાલચ આપી વેપારી સાથે રૂ.1.07 કરોડથી વધુની છેતરપિંડીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. દુબઈની કંપની હોવાનું જણાવી સાયબર ઠગોએ શરૂઆતમાં રૂ.37 હજારથી વધુનું વળતર ચૂકવી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ તબક્કાવાર મોટી રકમનું રોકાણ કરાવ્યું હતું. વેબસાઈટના વોલેટમાં રૂ.1.64 કરોડથી વધુનું બેલેન્સ દર્શાવ્યા બાદ નાણાં ઉપાડવા જતાં વધુ રકમની માગણી કરવામાં આવી હતી.

વાઘોડિયા રોડની માનવ મંદિર સોસાયટીમાં રહેતા 56 વર્ષીય કમલેશકુમાર ભીખુભાઈ પટેલ ડિજિટલ ટીમ નેટવર્ક નામે ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડરનો વ્યવસાય કરે છે. ગત 4 સપ્ટેમ્બર, 2026ના રોજ તેમણે એક વેબસાઈટના કસ્ટમર સર્વિસનો સંપર્ક કર્યો હતો. આ દરમિયાન વોટ્સએપ મારફતે સંપર્ક કરનારે દુબઈની કંપની હોવાનું જણાવી રોકાણ સામે સારું વળતર આપવાની લાલચ આપી હતી. ઠગોએ ડેમો એકાઉન્ટ બનાવી આપી તેમાં નાણાં જમા કરાવી અલગ-અલગ પ્રોડક્ટના ઓર્ડર કરીને રેટિંગ આપવાનું કામ સોંપ્યું હતું. શરૂઆતમાં રૂ.37,038નો નફો બતાવી ઉપાડવાની મંજૂરી આપી હતી. ત્યારબાદ ઠગોએ અલગ-અલગ બહાનાં હેઠળ વેપારી પાસેથી કુલ રૂ.1.07 કરોડથી વધુ જમા કરાવ્યા હતા. સામે વોલેટમાં રૂ.1.64 કરોડથી વધુનું બેલેન્સ દર્શાવ્યું હતું. જોકે, નાણાં ઉપાડવાનો પ્રયાસ કરતાં કસ્ટમર કેર તરફથી નવા બહાનાં કાઢી વધુ નાણાંની માગણી કરવામાં આવી હતી. છેતરપિંડી થયાનું જણાતાં વેપારીએ સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે વોટ્સએપ મારફતે સંપર્ક કરનારા શખ્સો, વેબસાઈટના સંચાલકો અને નાણાં ટ્રાન્સફર થયેલાં બેંક ખાતાના ધારકો સહિત સંડોવાયેલા લોકોની તપાસ શરૂ કરી છે.

AEESમાં શિક્ષકોની ૨૫૪ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત

(પ્રતિનિધિ) વડોદરા તા.3

કેન્દ્ર સરકારના પરમાણુ ઊર્જા વિભાગ હેઠળની સ્વાયત્ત સંસ્થા એટોમિક એનર્જી એજ્યુકેશન સોસાયટી (AEES) દ્વારા દેશભરની એટોમિક એનર્જી સેન્ટ્રલ સ્કૂલોમાં 254 કાયમી જગ્યાઓ માટે ભરતી જાહેર કરવામાં આવી છે.

ભરતીમાં પ્રિન્સિપાલની 4, વાઇસ પ્રિન્સિપાલની 1, પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચરની 27, ટ્રેઈન્ડ ગ્રેજ્યુએટ ટીચરની 102, લાઈબ્રેરિયનની 13, પ્રાઈમરી ટીચરની 89, મ્યુઝિક ટીચરની 10 અને બાલવાટિકા ટીચરની 8 જગ્યાઓનો સમાવેશ થાય છે. ધોરણ 1થી 12ના વિદ્યાર્થીઓને ભણાવવા માટેની આ જગ્યાઓ માટે ભારતીય નાગરિકો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. શૈક્ષણિક લાયકાત, અનુભવ, વયમર્યાદા, અરજી ફી અને પસંદગી પ્રક્રિયાની વિગતો AEESના ઓનલાઈન અરજી પોર્ટલ પર ઉપલબ્ધ છે. લાયકાત ધરાવતા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે.

આંતરરાષ્ટ્રીય નેટવર્કનાં રહસ્યો ખૂલવાની શક્યતા


સિંધરોટ ડ્રગ્સ ફેક્ટરી કેસમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા સલીમ ડોલા ATSની કસ્ટડીમાં

રૂ.૪૩૮.૬૪ કરોડના MD ડ્રગ્સ કેસમાં ત્રણ વર્ષથી ફરાર સલીમ ડોલા ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા જિલ્લાના સિંધરોટ ગામે વર્ષ 2022માં ઝડપાયેલી રૂ.438.64 કરોડની MD ડ્રગ્સ ફેક્ટરીના કેસમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા સલીમ ઈસ્માઈલ ડોલાને ગુજરાત ATSએ કસ્ટડીમાં લીધો છે. વિદેશમાં રહી ડ્રગ્સનું નેટવર્ક ચલાવતા સલીમ સામે ઈન્ટરપોલ મારફતે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. તેની પૂછપરછમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક અંગે મહત્ત્વની વિગતો બહાર આવવાની શક્યતા છે.

ગુજરાત ATSએ 1 ડિસેમ્બર, 2022ના રોજ સિંધરોટની ફેક્ટરીમાં દરોડો પાડી 87.728 કિલો MD



ડ્રગ્સ સહિત કુલ રૂ.438.64 કરોડનો જથ્થો જપ્ત કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન 10 આરોપીઓની ધરપકડ કરી NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

તપાસમાં આરોપી સૌમિલ પાઠક જેલમાં હતો ત્યારે મુંબઈના સલીમ ડોલાના સંપર્કમાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. ફેક્ટરીમાં તૈયાર થતું ડ્રગ્સ સલીમના સાગરીત અયમાન મુસા શેખ ઉર્ફે અયાન ખાન મારફતે મુંબઈ પહોંચાડાતું હતું.


સલીમ અગાઉ કુખ્યાત ડ્રગ માફિયા ઈકબાલ મિર્ચી માટે મેન્ડ્રેક્સની હેરાફેરી કરતો હતો. ત્યારબાદ તેણે દેશ-વિદેશમાં પોતાનું નેટવર્ક ઊભું કર્યું હતું. ATS હવે ફેક્ટરીમાં કાચો માલ, નાણાંનું રોકાણ અને ડ્રગ્સના વિતરણમાં સામેલ અન્ય લોકોની તપાસ કરશે.

ભારતીય પાસપોર્ટના આધારે દુબઈમાં રહેતો

સલીમ ડોલા દુબઈમાં ભારતીય પાસપોર્ટના આધારે રહેતો હતો અને UAE તથા કેન્યાના મોબાઇલ નંબરનો ઉપયોગ કરતો હતો. તેની સામે 1998થી મુંબઈ સહિત દેશનાં વિવિધ રાજ્યોમાં મેન્ડ્રેક્સ, ચરસ, ફેન્ટાનિલ અને MD ડ્રગ્સની હેરાફેરીના અનેક કેસ નોંધાયેલા છે. વર્ષ 2025-26માં EDએ પણ તેની સંપત્તિ, નાણાકીય વ્યવહારો અને મની લોન્ડરિંગની તપાસ હાથ ધરી હતી.

વડોદરા રેલવે મંડળની ભેટ : ૫ સ્પેશિયલ ટ્રેન, ૩૭થી વધુ ટ્રીપ

CCTVથી ચાંપતી નજર : પ્લેટફોર્મ-6 પર ૩૫૦ ચો.મી.નો એરકન્ડિશન્ડ જેવો હોલ્ડિંગ એરિયા



(પ્રતિનિધિ) વડોદરા,તા.3

દિવાળી અને છઠ પૂજા પર વતન જતા મુસાફરોને ભીડમાં હાલાકી ન પડે તે માટે પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે કમર કસી છે. મુસાફરોની સુવિધા અને સુરક્ષા માટે મંડળ દ્વારા 5 સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનો દોડાવાઈ રહી છે. અત્યાર સુધીમાં યુપી, બિહાર, કોલકાતા સહિત ઉત્તર-દક્ષિણ ભારત માટે 37થી વધુ ટ્રીપ દોડાવાઈ છે. જ્યારે ઉત્રાણ સ્ટેશનથી 5 નવેમ્બરે લાલકુઆં સ્પેશિયલની પ્રથમ ટ્રીપ ઉપડશે.

મુસાફરો માટે સૌથી મોટી રાહત વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 6 પર ઉભી કરાઈ છે. અહીં 350 ચોરસ મીટરમાં વિશાળ હોલ્ડિંગ એરિયા બનાવાયો છે. જેમાં પંખા, બેસવા માટે ખુરશીઓ, ઠંડા પીવાના પાણી અને આધુનિક મોડ્યુલર શૌચાલયની વ્યવસ્થા કરાઈ છે, જેથી જનરલ કોચના મુસાફરોને પ્લેટફોર્મ પર અફરાતફરીમાં ઉભા રહેવું ન પડે. મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેના માર્ગદર્શન હેઠળ વડોદરા અને છાયાપુરી સ્ટેશન પર અધિકારીઓની ખાસ ડ્યુટી લગાવાઈ છે. આ ઉપરાંત અંકલેશ્વર, આણંદ, ગોધરા, ભરૂચ અને નડિયાદમાં વધારાનો સ્ટાફ તૈનાત કરાયો છે. ભીડ પર નજર રાખવા તમામ પ્લેટફોર્મ, FOB, કોનકોર્સ હોલ અને ટિકિટિંગ એરિયામાં 24 કલાક CCTV મોનિટરિંગ, RPF, GRP અને હોમગાર્ડ તૈનાત, જનરલ કોચમાં લાઈનબદ્ધ પ્રવેશ અને સતત એનાઉન્સમેન્ટની વ્યવસ્થા કરાઈ છે. ઈમરજન્સી માટે મેડિકલ ટીમ અને હેલ્પ ડેસ્ક પણ શરૂ કરાયા છે, તેમ જનસંપર્ક અધિકારી ખેમરાજ મીના દ્વારા જણાવાયું હતું.

આઠ વર્ષના હિસાબોના ઓડિટ કરાવતા મોટું કૌભાંડ બહાર આવ્યું

આજવા રોડ પર આવેલા પેટ્રોલ પંપના મેનેજર દ્વારા રૂ.૧.૨૦ કરોડની ઉચાપત

રોકડ કલેક્શન બેંકમાં જમા કરાવવાને બદલે સગેવગે કરી મેનેજર રફુચક્કર

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરાના સયાજીપુરા-આજવા રોડ પર આવેલા પેટ્રોલ પંપના મેનેજરે માલિકોનો વિશ્વાસ સંપાદન કરીને કરોડો રૂપિયાની નાણાકીય ઉચાપત કરી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પેટ્રોલ, ડીઝલ અને સીએનજીના વેચાણમાંથી રોજેરોજ મળતી રોકડ રકમ બેંકમાં જમા કરાવવાની જવાબદારી સંભાળતા મેનેજરે કથિત રીતે હિસાબોમાં ગોલમાલ કરી રૂ.1.20 કરોડથી વધુની રકમ સગેવગે કરી છે. આ મામલે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવેલા ઓડિટમાં ઉચાપતનો આંકડો સામે આવ્યા બાદ મેનેજરનો ભાંડો ફૂટયો છે અને વિરુદ્ધ કપુરાઈ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અમદાવાદ શાહીબાગમાં કારપોસિરોમણી ટાવરમાં રહેતા ધર્મેશભાઈ દશરથભાઈ પટેલ આજવા રોડ પર આવેલા મેસર્સ પાયોનિયર પેટ્રોલિયમના ભાગીદાર છે. તેમની ફરિયાદ મુજબ, વર્ષ 2015થી સંજયભાઈ ત્રિભોવનભાઈ પટેલ (રહે. 6/504, શ્રી સિદ્ધનાથ ઓમસરા હેરિટેજ પાસે, વીઆઈપી રોડ, વડોદરા) ને પેટ્રોલ પંપના મેનેજર તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. વેચાણની રકમ એકત્ર કરી હિસાબ રાખવા અને રોજ બેંકમાં જમા કરાવવાની જવાબદારી પણ તેમની પાસે હતી. 31 માર્ચ, 2026ના રોજ નાણાકીય વર્ષના અંતે ઓપનિંગ અને ક્લોઝિંગ બેલેન્સની ચકાસણી કરવામાં આવી હતી. ત્યારબાદ મેનેજર સંજયભાઈ વોશરૂમમાં જવાનું કહી ઓફિસમાંથી નીકળ્યા બાદ પરત આવ્યા નહોતા. તપાસ દરમિયાન તેમનો મોબાઈલ અને ડિજિટલ ઘડિયાળ ઓફિસમાં મળી આવ્યા હતા. ક્લોઝિંગ કેશમાં રૂ.2 લાખની ઘટ જણાતાં તપાસ શરૂ કરાઈ હતી. તેમના ટેબલના ડ્રોઅરમાંથી એક હસ્તલિખિત ચિઠ્ઠી મળી હતી, જેમાં પેટ્રોલ પંપમાં મોટી ગરબડ કરી હોવાની કબૂલાત સાથે માફી માગી વડોદરા છોડીને જતા રહ્યા હોવાનું લખ્યું હોવાનો ઉલ્લેખ કરેલો હતો. પરિવારજનોએ નુકસાનની રકમ ભરપાઈ કરવાની ખાતરી આપતાં શરૂઆતમાં ફરિયાદ કરવામાં આવી નહોતી. જોકે, વર્ષ 2018-19થી 2025-26 સુધીના હિસાબોની તપાસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ આર.કે. મોદી એન્ડ કંપની દ્વારા કરાઈ હતી. 4 સપ્ટેમ્બર, 2026ના ઓડિટ રિપોર્ટમાં રૂ.1.20 કરોડની ઉચાપત થઈ હોવાનું સામે આવ્યું હતું. ગ્રાહકો પાસેથી મળેલી રોકડ બેંકમાં જમા ન કરાવવી, બોગસ એન્ટ્રીઓ કરવી તેમજ સ્ટોક અને મીટર રીડિંગમાં ગેરરીતિ કરી હિસાબોમાં છેડછાડ કર્યાના આક્ષેપ સાથે મેનેજર વિરુદ્ધ કાર્યવાહીની માગ કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૭-૨૮ના બજેટની કવાયત શરૂ

વડોદરા કોર્પોરેશનના બજેટમાંથી પાંચ વર્ષથી અટવાયેલા કામો દૂર કરાશે

બિનજરૂરી યોજનાઓ અને મંજૂરી વગરના ખર્ચનો સમાવેશ નહીં કરવાના આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકાએ આગામી નાણાકીય વર્ષના બજેટની તૈયારીઓ શરૂ કરી છે. હિસાબી શાખા દ્વારા તમામ વિભાગોને પરિપત્ર પાઠવી વર્ષ 2026-27ના સુધારેલા અંદાજપત્ર અને વર્ષ 2027-28ના ડ્રાફ્ટ બજેટની કામગીરી હાથ ધરવા સૂચના અપાઈ છે. બજેટને વાસ્તવિક અને પારદર્શક બનાવવા લાંબા સમયથી અટવાયેલા વિકાસકામો દૂર કરવાનો નિર્ણય લેવાયો છે.

મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની સૂચના મુજબ ચીફ એકાઉન્ટન્ટ સંતોષ તિવારીએ વિભાગીય વડાઓને આવક-ખર્ચના વાસ્તવિક આંકડા અને નવા વિકાસકામોના પ્રસ્તાવ સમયમર્યાદામાં રજૂ કરવા જણાવ્યું છે. મંજૂરી વગરની યોજનાઓ કે બિનજરૂરી ખર્ચનો બજેટમાં સમાવેશ નહીં કરવા તેમજ પૂરતી બજેટ જોગવાઈ વગર કોઈ ખર્ચ નહીં કરવા તાકીદ કરાઈ છે.

પરિપત્ર મુજબ છેલ્લાં પાંચ વર્ષથી શરૂ ન થયેલાં અને નજીકના ભવિષ્યમાં શરૂ થવાની શક્યતા ન હોય તેવાં કામોની સમીક્ષા કરી બજેટમાંથી દૂર કરાશે. આવા પ્રોજેક્ટ્સને કારણે નાણાંકીય સંસાધનો બિનજરૂરી રીતે અટવાય નહીં તે માટે આ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત 2026-27ના બજેટ સામે એપ્રિલથી નવેમ્બર સુધીની વાસ્તવિક આવક-ખર્ચ અને ડિસેમ્બરથી માર્ચ સુધીના સંભવિત આંકડાઓના આધારે સુધારેલું અંદાજપત્ર તૈયાર કરવા સૂચના અપાઈ છે.


'તારું મર્ડર કરી નાખીશ', તેવી ધમકી આપી પણ સામાન્ય મસ્તી ગણી

ગોત્રીમાં ધોળા દિવસે યુવરાજ ડોડિયાની ખંજરના ઘા ઝીંકી કરપીણ હત્યા કરાઈ

જય ઉર્ફે ટિંકુએ જાહેર માર્ગ પર ઉપરાછાપરી ઘા માર્યા, હત્યા બાદ ફરાર; મૃતક અને આરોપી દૂરના પિતરાઈ ભાઈ

(પ્રતિનિધિ) વડોરા તા.3

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં ધોળા દિવસે જાહેર માર્ગ પર યુવકની હત્યાની સનસનાટીભરી ઘટના સામે



આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. જય ઉર્ફે ટિંકુ નામના શખ્સે યુવરાજ ડોડિયા પર ખંજરથી ઉપરાછાપરી ઘા ઝીંકી તેની હત્યા કરી નાખી હતી. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવરાજનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક અને આરોપી દૂરના પિતરાઈ ભાઈ થતા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં જાહેર માર્ગ પરથી યુવરાજ ડોડિયા પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન જય ઉર્ફે ટિંકુ નામના શખ્સે તેના પર ખંજર વડે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલાખોરે યુવરાજને ઉપરાછાપરી ઘા ઝીંકતાં તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો. જાહેરમાં થયેલા આ હુમલાને પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગંભીર ઈજાઓને કારણે યુવરાજનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.હત્યાની ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપી જય ઉર્ફે ટિંકુ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ થતાં ગોત્રી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ગોત્રી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બીજી તરફ ફરાર આરોપીને ઝડપી પાડવા પોલીસે અલગ-અલગ દિશામાં તપાસ શરૂ કરી છે. ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસવાની સાથે પ્રત્યક્ષદર્શીઓનાં નિવેદનો પણ મેળવવામાં આવી રહ્યાં છે. ડીસીપી ઝોન-2 મંજીતા વણઝારાએ જણાવ્યું હતું કે, મૃતક અને આરોપી બંને દૂરના કઝીન તથા એકબીજાના પરિચિત છે અને આ ઘટના ચાની દુકાને બોલાચાલી બાદ ઘટી હતી. ગોત્રી પોલીસ સ્ટેશનમાં આ અંગે એફ.આઈ.આર. નોંધીને ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે તેમજ આરોપીની ધરપકડ અને તપાસ માટે તપાસ હાથ ધરવામાં આવી છે. ઘટનાના કારણો અને અદાવત વિશે હજુ પોલીસ તપાસ ચાલી રહી છે, અને મૃતકના પરિવારજનોની પૂછપરછ કરીને નિવેદનો લેવામાં આવી રહ્યા છે.

વડોદરામાં ચાલતા કિન્નરોના અથડામણના પડઘા ચેલાવાડા નજીક જોવા મળ્યા

વર્ચસ્વ જમાવવા કિન્નરોના બે જૂથ બાખડ્યાં : દાહોદમાં મારામારી

વૈશાલી, કીર્તિ, સિમરન સહિતના કિન્નરોને ઈજા, ન્યાયની માગ સાથે ઈજાગ્રસ્તો પોલીસ મથકે પહોંચ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરાના કિન્નર સમાજ વચ્ચેનો આંતરિક વિવાદ હવે હિંસક સ્વરૂપ ધારણ કરી રહ્યો હોવાની ઘટના સામે આવી છે. વડોદરા બહાર દાહોદમાં ચેલાવાડા નજીક કિન્નરોના બે જૂથ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મારામારી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ અથડામણમાં કેટલાક કિન્નરોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનો દાવો કરાયો છે. ઘટનાના વાયરલ થયેલા વીડિયોમાં મારામારી અને ઈજાગ્રસ્તોની હાલત જોવા મળતાં ચકચાર મચી છે.

વડોદરા શહેરમાં છેલ્લા ઘણા સમયથી કિન્નરોના બે જૂથ વચ્ચે વિભાગ ચાલી રહ્યો છે ત્યારે વિસ્તારના વર્ચસ્વને લઈને બંને જૂથ વચ્ચે વધુ વિવાદ વકર્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ ઘટનામાં વૈશાલી, કીર્તિ, સિમરન, તમન્ના, ગુલાબ, કિરણ અને કાજલ સહિતના કિન્નરો ચેલાવાડા તરફ ગયા હતા ત્યારે સામેના કિન્નરોના જૂથ દ્વારા તેમના ઉપર હુમલો કરવામાં આવ્યો હતો.

મારામારીમાં ઈજાગ્રસ્ત થયેલા કિન્નરો ન્યાયની માગ સાથે પોલીસ મથકે પહોંચ્યા હતા અને પોતાની સાથે બનેલી ઘટનાની રજૂઆત કરી હતી. બીજી તરફ, સામા પક્ષ દ્વારા પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. હાલ આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં કિન્નર સમાજના આંતરિક વિવાદ અને જૂથ અથડામણની ચર્ચા શરૂ થઈ છે. જોકે, મારામારી પાછળનું ચોક્કસ કારણ શું હતું, હુમલામાં કોણ કોણ સામેલ હતું અને બંને પક્ષના આક્ષેપોમાં કેટલી સચ્ચાઈ છે તે પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.



નકીલ કન્નર બનીને ફરતી ઝોયા ખાન સામે કાર્યવાહીની બરાનપુરાના કિન્નરની માગ

બરાનપુરાના એક કિન્નરે વીડિયો દ્વારા વડોદરાવાસીઓને અપીલ કરી ઝોયા ખાન ઉર્ફે શેરૂ સામે આક્ષેપો કર્યા છે. તેણે ઝોયાને નકલી કિન્નર ગણાવી ખોટા કેસમાં લોકોને ફસાવવા અને બરાનપુરાના કિન્નર અખાડાને બદનામ કરવાની ફરિયાદ કરી છે. આ મામલે ઝોયા સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.

ઝોયા કિન્નર પર લગાવવામાં આવેલા આરોપો ખોટા

કિન્ન ર ઝોયાએ સોશિયલ મીડિયા પર જણાવ્યું છે કે વૈશાલી નામની મિત્ર સાથે ચેલાવાડામાં યજમાન વૃત્તિ કરવા બાબતે વિવાદ થયો હતો. તે અને અન્ય લોકો ચેલાવાડા અને રાજગઢ પોલીસ સ્ટેશન ગયા હતા, જ્યાં તેમની વચ્ચે મારામારી થઈ હતી અને ગઈકાલે સાંજે આ મામલે એફઆઈઆર પણ નોંધાઈ હતી. ઝોયાએ સ્પષ્ટતા કરી છે કે તેના પર લગાવવામાં આવેલા આરોપો ખોટા છે અને તે કોઈ પણ પ્રકારની ખોટી પ્રવૃત્તિમાં સામેલ નથી.

રૂ.૧૬ લાખમાં દુકાન અપાવવાની લાલચ આપી હતી

PM આવાસ યોજનામાં દુકાન અપાવવાના નામે લાઈનમેન સાથે રૂ.૯.૦૫ લાખની ઠગાઈ

એમજીવીસીએલની કોયલી સબ ડિવિઝનમાં આસિસ્ટન્ટ લાઇનમેન પાસેથી નાણાં પડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

વડોદરામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં દુકાન અપાવવાના નામે એમજીવીસીએલના આસિસ્ટન્ટ લાઈનમેન સાથે રૂ.9.05 લાખની છેતરપિંડી થયાનો મામલો સામે આવ્યો છે. સુભાનપુરાની ઝાંસી રાણી હાઉસિંગમાં દુકાન નં.2 અપાવવાની ખાતરી આપી ચાર શખ્સોએ નાણાં વસૂલ્યા હતા. વિશ્વાસ સંપાદન કરવા નોટરી સમક્ષ બાનાખત કરાવ્યું અને મહાનગરપાલિકાના સિક્કાવાળી પહોંચ પણ આપી હતી. જોકે, દસ્તાવેજો બનાવટી હોવાનું બહાર આવતાં ગોરવા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ગોત્રી રોડ પર સુદામાનગર સોસાયટીમાં રહેતા પ્રતિકકુમાર હિંમતસિંહ બારોટ (ઉં.વ.36) એમજીવીસીએલની કોયલી સબ ડિવિઝનમાં આસિસ્ટન્ટ લાઈનમેન છે. તેમના સાળા દીપક મકવાણાના પરિચયથી શુભમ મહાવર સાથે ઓળખાણ થઈ હતી. જૂન-2025માં શુભમ તેમને સમતા વિસ્તારમાં સંદીપ એસ્ટેટ એજન્સીની ઓફિસે લઈ ગયો હતો, જ્યાં જીલ બારોટ, રોહન સોલંકી અને કશ્યપ જોષી સાથે મુલાકાત કરાવી હતી. કશ્યપને ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારી તરીકે ઓળખાવ્યો હતો. ચારેયે ઝાંસી રાણી હાઉસિંગની દુકાન રૂ.16 લાખમાં અપાવવાની ખાતરી આપી હતી. શરૂઆતમાં રૂ.50 હજાર, ત્યારબાદ રૂ.3.50 લાખ અને બાનાખતના કમિશન પેટે રૂ.30 હજાર લીધા હતા. માર્ચ-2026માં વેચાણ દસ્તાવેજના નામે રૂ.1.45 લાખ લીધા હતા. ત્યારબાદ ભાવ વધ્યાનું કહી વધુ રૂ.3.30 લાખ વસૂલ્યા હતા. આમ કુલ રૂ.9.05 લાખ પડાવ્યા હતા.

બનાવટી દસ્તાવેજોથી ઠગાઈનો પર્દાફાશ

જીલ બારોટે વોટ્સએપ પર વેચાણ દસ્તાવેજનો ડ્રાફ્ટ, મહાનગરપાલિકાના સિક્કા અને સબ રજિસ્ટ્રાર કચેરીની પહોંચ આપી હતી. દુકાનનો કબજો નહીં મળતાં ખરાઈ કરાવતાં દસ્તાવેજો બનાવટી હોવાનું બહાર આવ્યું હતું. આથી શુભમ મહાવર, જીલ બારોટ, રોહન સોલંકી અને કશ્યપ જોષી સામે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે તપાસ હાથ ધરી છે.